## જન્મદિને વધામણી



વૈશાલીબેન જોષી
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



વિવાન
સંકેતભાઈ ઠાકર
મો. ૯૪૨૬૩ ૬૭૫૯૬

૧૯-૧૦-૨૦૧૮



પલ્લવી
ભાવેશકુમાર સોલંકી
મો. ૯૪૨૯૨ ૮૨૦૧૮



શિવાની
રાજેશકુમાર ઝાલા
મો. ૯૯૭૯૦ ૦૩૪૧૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ દ્વારા રવિવારે રાસ-ગરબા મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૭
શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ, ગાંધીનગર દ્વારા રાસ-ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં મંડળ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ભારતીય સંસ્કૃતિમાં અનેક ઉત્સવો ઉજવાય છે, તે પૈકી ગુજરાતમાં નવરાત્રી મહોત્સવનું મહત્ત્વ વિશેષ છે અને તેથી જ આબાલવૃધ્ધ સૌ નવરાત્રી પર્વની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા રાસ-ગરબા મહોત્સવનું આયોજન તા. ૨૧ ઓક્ટોબર ને રવિવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, સૅક્ટર-૭ ખાતે કરવામાં આવ્યું છે.

ભારતીય સંસ્કૃતિને અનુરૂપ વસ્ત્ર પરિધાનમાં આ મહોત્સવને ઉજવવા મંડળ તરફથી સૌ સમાજજનોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે વિક્રમ સંવત ૨૦૭૫ના નૂતન વર્ષનું સ્નેહમિલન તા. ૮ નવેમ્બર ને ગુરુવારના રોજ સવારે ૯થી ૧૦ દરમિયાન શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું છે.


# ગાયકીના શોખીન વડીલો માટે શનિવારે સ્વર ધડકન કાર્યક્રમ

## ૫૦ વર્ષથી વધુ વયનાં ગાયકો દ્વારા ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૭
ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને ઓલ ઈન્ડિયા કરાઓકે આર્ટીસ્ટ એસોસિએશન, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે હેત ફાઉન્ડેશન દ્વારા સ્વર ધડકન નામે એક નવતર કાર્યક્રમનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

ગાયકીનો શોખ ધરાવતા ૫૦ વર્ષથી ઉપરના વડીલો માટે આ કાર્યક્રમ ખાસ આયોજિત કરવામાં આવ્યો છે. આગામી તા. ૨૦ ઓક્ટોબર ને શનિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે આંબેડકર હૉલ, સૅક્ટર-૧૨, ગાંધીનગર ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમના અતિથિ તરીકે પવિત્ર યાત્રાધામ બોર્ડના પૂર્વ ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના ચેરમેન પંકજભાઈ ભટ્ટ, સચિવ જ્યોતિષ ભટ્ટ, રેડિયો મિર્ચીના આરજે કૃણાલ અને ઓલ ઈન્ડિયા કરાઓકે આર્ટીસ્ટ એસોસિએશન, અમદાવાદના પ્રમુખ તુષાર ત્રિવેદી ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ માટે સ્વ. હેમતરામ મયારામ વૈષ્ણવ અને સ્વ. મંજુલાબેન જયંતિભાઈ પરમાર પરિવાર તરફથી સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. સંજય તન્ના અને કિરીટકુમાર અગ્રાવતના આયોજનમાં પ્રસ્તુત થઈ રહેલા આ કાર્યક્રમનું એન્કરિંગ બીજોય તિવારી દ્વારા કરવામાં આવશે.

# ૨૧મીએ અમદાવાદમાં 'હાસ્યમેવ જયતે' કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૧૭
ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે, તારીખ:૨૧ ઓક્ટોબર ૨૦૧૮, રવિવારના રોજ, સાંજે ૫-૩૦ કલાકે, આત્મા હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે, હાસ્યલેખક જ્યોતીન્દ્ર હરિહરશંકર દવેના ૧૧૮-મા જન્મદિનપ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાન'હાસ્યમેવ જયતે'નું આયોજન કરવામાં આવ્યું છે.

સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા ભૂમિકા રજૂ કરશે. જ્યોતીન્દ્ર દવેના જીવન વિશે, જ્યોતીન્દ્ર દવેના સુપુત્રી શ્રી પ્રદીપ દવે અને જ્યોતીન્દ્ર દવેની સાહિત્યસૃષ્ટિ વિશે, જાણીતા હાસ્યલેખકશ્રી રતિલાલ બોરીસાગર વક્તવ્ય આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિશ્રી મનીષ પાઠક'શ્વેત'કરશે. આ કાર્યક્રમને માણવા માટે કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી.

# શ્રી સ્વામીનારાયણ ગાદી સંસ્થાનના આચાર્યએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મુલાકાત લીધી



દશેરાના પુનિત પર્વ પ્રસંગે શ્રી સ્વામીનારાયણ ગાદી સંસ્થાન, મણિનગરના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને શુભાશિષ પાઠવ્યા હતા. સ્વામી મહારાજે આ પ્રસંગે વડાપ્રધાન સાથે ભારતના અભ્યુદય અને ભારતીય સનાતન વૈદિક સંસ્કૃતિના સંરક્ષણ માટે વાર્તાલાપ કર્યો હતો.

# શુક્રવારે ગાંધીનગરમાં અશ્વપૂજનનો કાર્યક્રમ

## અશ્વકલા નિદર્શન અને અશ્વદોડ સ્પર્ધા નિહાળવા નગરજનોને આમંત્રણ

ગાંધીનગર, તા. ૧૭
ગાંધીનગર શહેરી અશ્વ મિત્ર મંડળ દ્વારા દશેરા નિમિત્તે અશ્વપૂજન અને અશ્વની કલાઓના નિદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

આ અંગેની માહિતી આપતાં શ્રી ગાંધીનગર શહેરી અશ્વ મિત્ર મંડળ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ખ-૧ નજીક વસાણી ફાર્મ હાઉસ ખાતે તા. ૧૯ ઓક્ટોબર ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦થી ૧૦ દરમિયાન અશ્વ પૂજન, સવારે ૧૦.૩૦થી ૧૨.૦૦ દરમિયાન અશ્વકલા નિદર્શન અને બપોરે ૧૨.૩૦થી ૩ દરમિયાન અશ્વ દોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

સૌ અશ્વપ્રેમીઓ તથા દર્શકોને આ કાર્યક્રમનો લાભ લેવા મંડળ તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સૅક્ટર-૪ એમાં બાળકોએ ગબ્બરની પ્રતિકૃતિ બનાવી



ઉત્સવની ઉજવણીનો ઉત્સાહ આબાલવૃધ્ધ દરેકને હોય છે. એમ નવરાત્રીની ઉજવણીનો ઉત્સાહ બાળકોમાં પણ છલકાઈ રહ્યો છે. બાળકો પોતાની રીતે આ ઉજવણીને ઉજાળવા મથી રહ્યાં છે. સૅક્ટર-૪ એમાં બાળકોએ સાથે મળીને સુંદર ગબ્બરની પ્રતિકૃતિ તૈયાર કરી છે.

# શાળામાં ૮૦ ટકાથી ઓછી હાજરી હશે તો વિદ્યાર્થી બોર્ડની પરીક્ષા નહીં આપી શકે

ગાંધીનગર, તા. ૧૭
શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં ૬૫% કરતાં ઓછી હાજરી ધરાવતા વિદ્યાર્થીઓ પરીક્ષા ન આપી શકે તે નિયમને હવે શિક્ષણ બોર્ડે વધુ કડક બનાવ્યો છે. હવેથી આગામી માર્ચ ૨૦૧૯માં લેવાનારી બોર્ડની પરીક્ષામાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની હાજરી શાળામાં ૮૦ ટકા ફરજિયાત કરાઈ છે. તેનાથી ઓછી હાજરી ધરાવનારા વિદ્યાર્થીઓ હવે બોર્ડની પરીક્ષા આપી શકશે નહીં.

બોર્ડ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા અંગેના હાજરીના નિયમોમાં આ વર્ષથી ફેરફાર કરાયા છે. વિદ્યાર્થીઓની ફરજિયાત ૮૦ ટકા હાજરી થાય તો જ પરીક્ષામાં બેસવા દેવાશે. અત્યાર સુધી વિદ્યાર્થીઓ ૬૫ ટકા હાજરી હોય તો પણ પરીક્ષા આપી શકતા હતા તેવા કિસ્સામાં બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને રેગ્યુલર વિદ્યાર્થીઓ તરીકે નહિ, પરંતુ ખાનગી વિદ્યાર્થી તરીકે પરીક્ષામાં બેસવા દેવામાં આવતા હતા, જોકે વાજબી કારણસર ૧૫ ટકા છૂટ આપવામાં આવશે.

૮૦ ટકા હાજરી માટે સત્રના પહેલા દિવસ અથવા તો ૧૫ જૂન જે પહેલાં આવતી હોય ત્યાંથી લઈને ૧૫ ફેબ્રુઆરી સુધીના દિવસોની ગણતરી કરવામાં આવશે. ખાનગી વિદ્યાર્થી આ નિયમનો ગેરફાયદો ઉઠાવી સ્કૂલો ઊંચા પરિણામ મેળવવા માટે નબળા વિદ્યાર્થીઓને ખાનગી વિદ્યાર્થીઓ તરીકે ગણાવતી હોવાની અનેક ફરિયાદો બોર્ડના ધ્યાને આવી હતી. તેથી હવે ઓછી હાજરી વાળા વિદ્યાર્થીઓને ખાનગી તરીકે ગણવામાં નહી આવે. જોકે કોઈ ગંભીર બીમારીના સંજોગોમાં રજા પાડી હશે તો તેવા સંજોગોમાં સ્કૂલોએ એફિડેવિટ કરી બોર્ડ સમક્ષ સાબિતી કરવું પડશે. તેમાં ૧૫ ટકા જેટલી ઓછી હાજરી હોય તો તેવા સંજોગોમાં સ્કૂલ દ્વારા યોગ્ય કારણ સાથે બોર્ડમાં રજૂઆત કરવામાં આવે તો ચેરમેન દ્વારા સ્પેશિયલ પરવાનગીથી તેને માન્ય ગણવામાં આવશે.

# અમેરિકા દ્વારા બનાવાયા નવા નિયમો માત્ર ૧૨ દિવસમાં મળશે H1-B વિઝા

## ગત ફેબ્રુઆરીથી જ આ નવા નિયમને લઈને ચર્ચાઓ થઈ રહી હતી પરંતુ હવે આ નિયમને લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે

ગાંધીનગર, તા. ૧૭
અમેરિકાના અધિકારીઓએ જણાવ્યું કે જે લોકોના વિઝા એક્સ્પાયર થઈ રહ્યા છે. અથવા તો જેમનું સ્ટેટસ બદલાઈ ગયું છે. એમના ટૂંક સમયમાં જ દેશમાંથી બહાર કાઢવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી શકે છે. પરંતુ આ પહેલા એક મોટો ફેરફાર કરવામાં આવી રહ્યો છે. હજારોની સંખ્યામાં આઈટી ફર્મમાં કામ કરનારા ભારતીય એન્જીનિયર્સ અમેરિકા જાય છે. જેમને H1-B વિઝા આપવામાં આવે છે. પરંતુ હવે આ વિઝાની સમય મર્યાદાને ખુબ જ ઓછી કરી દેવામાં આવશે. અમેરિકાના કાયદા પ્રમાણે પહેલા H1-B વિઝા ત્રણ મહિનાના સમયગાળા માટે આપવામાં આવે છે. જોકે હવે આને ૧૨ દિવસ સુધી કરી દેવામાં આવી શકે છે.

રિપોર્ટ પ્રમાણે નવો નિયમ યુઝર્સ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસેસ (USCIS)એ શરૂ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, નવા નિયમાનુસાર ૧૨ દિવસ પહેલા રજૂ થયેલા H1-B વિઝાને રિન્યૂ માટે તમે ત્યારે જ એપ્લાય કરી શકશો જ્યારે પહેલાના વિઝા એક્સ્પાયર થઈ જાય. આ પહેલા વિઝાના એક્સ્પાયર થવના થોડા દિવસો પહેલા જ નવા વિઝા ઈશ્યૂ કરાવી શકાતા હતા. USCIS પ્રમાણે ફેબ્રુઆરી ૨૦૧૮થી જ આ નવા નિયમને લઈને ચર્ચાઓ થવા લાગી છે. પરંતુ હવે આ નિયમને લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

એક નિયમ પ્રમાણે જે લોકોએ વિઝા એક્સટેન્શનનું આવેદન આપ્યું છે. તેમના દ્વારા એનટીએ (નોટિસ ટૂ અપીયર) રજૂ કરવામાં આવશે. આની જવાબદારી યુએસસીઆઈએસને આપવામાં આવી છે. આ પહેલા મોટી સંખ્યામાં H1-B વિઝા હોલ્ડર્સને તેમના વિઝા એક્સટેન્ડ કરવા માટે ના પાડી દીધી હતી. જેમાંથી મોટાભાગના લોકો ભારતીય હતા.

# સાસણગીરમાં સિંહદર્શન શરૂ

ગાંધીનગર, તા. ૧૭
ગીરના જંગલમાં રહેતા સિંહોનું વેકેશન પૂરું થઈ ગયું છે. પ્રવાસીઓ માટે સિંહ દર્શન શરુ થઈ ચૂક્યું છે. આ વર્ષે પ્રવાસીઓના ધસારાને ધ્યાનમાં રાખીને સરકારે પરમિટમાં પણ વધારો કરાયો છે. બીજીબાજુ તાજેતરમાં જ દલખાણીયા રેન્જમાં કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ તેમજ અન્ય કારણોસર ૨૩ સિંહોના મોત થતાં સિંહપ્રેમીઓમાં નારાજગી છવાય ગઈ હતી.

તો બીજીબાજુ સાસણ ગીરના સુપ્રીન્ટેન્ડેન્ટ ડો.મોહન રામે લીલીઝંડી આપીને સાસણ ગીરમાં સફારીની શરૂઆત કરાવી હતી અને પ્રવાસીઓને પુષ્પગુચ્છ આપી મીઠા મોઢા કરાવ્યા હતા. દર વર્ષે ગીરનું જંગલ ૧૫મી જૂનથી ૧૬મી ઓક્ટોબર સુધી પ્રવાસીઓ માટે બંધ રહેતું હોય છે. આ સમયગાળો સિંહોનો સંવનનકાળ હોવાથી તેમને કોઈ ખલેલ ન પહોંચે તે માટે સફારી બંધ કરવામાં આવે છે.


સાસણ ગીરમાં પ્રવાસીઓના ધસારાને ધ્યાનમાં રાખીને સરકારે આ વર્ષે પરમિટમાં પણ વધારો કર્યો છે. પહેલા ૯૦ પરમિટ હતી, હવે તેમાં ૬૦નો વધારો કરવામાં આવ્યો છે. એટલે કે આ વર્ષે કુલ ૧૫૦ પરમિટ આપવામાં આવી છે.

સફારીની શરૂઆત સાથે પ્રથમ વખત દેવળિયા પાર્કમાં પણ જિપ્સીની સફારી શરૂ કરવામાં આવી છે. આ માટે ૭૦ જિપ્સીને મંજૂરી આપવામાં આવી છે. દેવળિયા પાર્કમાં જે જિપ્સી ચાલશે તે લોખંડના પાંજરાવાળી અને વધારે સુરક્ષિત હશે. પ્રવાસીઓએ સિંહ દર્શન માટે આશરે રૂ.૨૭૦૦નો ખર્ચ કરવો પડશે. આ માટે પરમિટનો ભાવ રૂ.૮૦૦ છે, જ્યારે જિપ્સીનું ભાડું રૂ.૧૫૦૦ અને ગાઈડના રૂ. ૪૦૦ મળીને કુલ રૂ. ૨૭૦૦નો ખર્ચ કરવો પડશે.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ છઠ્ઠો મણકો ॥

એટલે પારકાના દોષ ઘટાડીને જોવા, પોતાનો દોષ વધારીને જોવા, તો સત્યની પાસે પહોંચાય. આ એનું ચોથું પગલું. પોતાના દોષને થોડાક વધારીને જોવા. પાંચમું પગલું - એ બહુ વિચિત્ર હતું. કેટલાક લોકોને તો નવાઈ લાગે. શું ? છાપરે ચડીને કહેવું કે હા ભાઈ, ભૂલ કરી છે. ક્યારે




ગઈ. એકવાર સાબરમતી આશ્રમમાં કોઈ મહેમાન આવેલું. સામાન્ય માણસ હશે ને બધે ફરીને જોયું ને છેલ્લે છેલ્લે હૃદયકુંજમાં આવ્યા. ફરતા ફરતા બહુ પ્રસન્ન થયા. તો છેલ્લે છેલ્લે પછી ગાંધીજી તો ક્યાંક બહાર ગયા હશે, હતા નહીં. ગામમાં જ પણ બહાર હતા. પણ કસ્તૂરબા પાસે હતા. તો કે, બહુ ગમ્યું, મિસીસ ગાંધી મને બહુ આનંદ થયો. મારે આશ્રમ માટે કંઈક આપવું છે. તો સાથે કંઈ લાવ્યો નથી તો આ પરચૂરણ રાખો, એમ કહી ખિસ્સામાં પરચૂરણ હતું તે આપ્યું. ચાર-છ રૂપિયાનું પરચૂરણ ખિસ્સામાં હતું એટલું આપતો ગયો. કસ્તૂરબા વિચાર કરે કે અમારી પેઢી તે વખતે સાતથી દસ વર્ષની ઉંમરની પેઢી તે બધા એના દોહિત્ર અને પોતરા. અને અમે બધા જ એને મોટી બા કહેતા. અને એ વિચાર કરે, આ બધા તો મારી પાસે આવ્યા જ કરે છે. તો ચાલને લગભગ છએક રૂપિયા થયા છે, કેળાં થોડાક લઈ રાખું. અને એકેક આવે તો એકેક કેળું હું આપીશ. એટલે એ કસ્તૂરબાએ બાપણું કરવા માટે કેળાં ખરીદવા માટે પૈસા રાખ્યા. અને વાત ગાંધી સુધી પહોંચી. આ ગાંધીજીના આશ્રમમાં આ ગુપ્તચર વિભાગ નાનો નહોતો, ગુજરાત સરકાર કરતાં ઓછો નહીં. ગુપ્તચર વિભાગ તો હતો. પહોંચી જ જાય, આવી વાત હોય તો ગાંધી પાસે પહોંચી જ જાય. એટલે પૂછે કે કોઈ આજે મહેમાન આવ્યું'તું ? તો કે' કે હા. તો કે' શું કર્યું ? તો કે' કે બધે ફરીને પછી અહીંયા આવ્યા'તા. પછી ? તો કે' કે એના ખિસ્સામાં પૈસા હતા તે આપતા ગયા. કેટલા પૈસા હતા ? છએક રૂપિયા હતા. શું કર્યું ? એ મેં રાખી મૂક્યા છે, કેળાં લેવાં છે. છોકરાઓ બહુ આવે છે ને ? પેલો બાબલો આવે છે ને પેલો ધીરુ આવે છે ને પેલો ધર્મકુમાર આવે છે ને એ લોકો માટે કેળાં લેવાં છે. એણે એવું કહ્યું'તું કે છોકરાઓ માટેનાં કેળાં માટે છે ? ના, એવું તો નહોતું કહ્યું. એણે શું કહ્યું'તું ? આશ્રમ માટે આપું છું. તો તે આશ્રમના વ્યવસ્થાપકને પૂછ્યું ? એ આશ્રમનો વ્યવસ્થાપક એમનો ભત્રીજો જ હતો. એ મગનલાલ ગાંધીના નાના ભાઈ નારણદાસ ગાંધી.પણ એને પૂછ્યું છે ? કે' હવે છ રૂપિયામાં એને શું પૂછવાનું ? આશ્રમ માટે આવેલા પૈસા કેળાં માટે વાપરવાનો વિચાર કર્યો ? છેવટે એ પૈસા ત્યાં અપાવ્યા.આટલાથી પત્યું હોત તો ઠીક પણ નવજીવનના આગલા અંકમાં એક લેખ આવ્યો, જે લેખનું મથાળું હતું : ઘરમાં ચોર.





પોતાના દોષને રજનું ગજ કરવું તે આનું નામ. કારણ કે આ કસ્તૂરબાનો દોષ હતો ને એ એમને પોતાનો દોષ લાગતો'તો. આ અગ્નિકૂંડમાં ઊગેલું ગુલાબ મહાદેવભાઈને માટે ઝવેરચંદ મેઘાણીએ શબ્દ જે વાપર્યો કારણ કે મહાદેવભાઈ પોતાના લાગતા'તા. એટલે જો એનાથી ભૂલ થઈ હોય તો હેં ? મહાદેવથી આ ભૂલ થઈ ? એટલે મેં જ ભૂલ કરી. એનું તો મેંપણું એટલું વિસ્તૃત હતું કે એના દુશ્મને કરેલી ભૂલ પણ એને પોતાની ભૂલ લાગતી.

પોતાના દોષને પ્રગટ કરવા. કારણ ? પાપ એ અંધકારમાં વિકસે છે. અને અજવાળામાં એનો નાશ થાય છે. એ રોગના જંતુઓ જ એવા હોય છે. ગંદકીમાં વિકસે છે ને ચોખ્ખાઈમાં નાશ પામે છે. એમ આ પ્રકાશિત વસ્તુ થતી હોય તો દસ જણને ખબર પડે તો દસ જણાને ખબર પડે ને હું બીજીવાર ભૂલ કરું તો અલ્યા તેં તો આવું કહ્યું તું ને હવે બદલાયો. એમ મને મારા દસ સાથીઓ કહી તો શકે. એટલે હું એકલો જ મારા સત્યને જાળવનારો નહીં, બીજા પણ દસ મને એસીસ્ટ કરનારા લોકો એમાં મળી જાય છે એ એનો એક બહુ મોટો લાભ. એટલે પ્રગટ કરે. તેથી ગાંધીજીએ કંઈ બહુ ઓછી ભૂલો નથી કરી. કેટલીક તો એવી ભૂલો કરી છે કે જે ગાંધીએ પોતે લખી ન હોત તો આપણને ખબર જ ન પડત. તે એણે પાછી આત્મકથામાં જ લખી નાંખી છે. અને પછી નહીં તો આત્મકથા લખાયા પછી લખી હોય તો પોતાના છાપામાં લખી નાંખી છે. પાછું એના માટે મથાળું - વિશેષણ વાપર્યું, કવિ નહોતા પણ અતિશયોક્તિ અલંકાર પણ કોક કોક વાર કરી પાડતા, હિમાલયન બ્લન્ડર. ભૂલ કેવી ? હિમાલય જેવી. એટલે પછી મારા જેવો અર્થ શું કરે ? હિમાલય જેવી ઉદાત્ત ? અને હિમાલય જેવી ઉજ્જવળ ? જેને પરિણામે એનું ચરિત્ર હિમાલય જેવું ઉદાત્ત અને હિમાલય જેવું ઉજ્જવળ થયું એવી ભૂલ. પણ એણે તો હિમાલય જેવી મોટી એ જ અર્થમાં લખ્યું'તું. પાછો શબ્દ - મિસ્ટેક નહીં. આપણા જેવો હોય તો એરર શબ્દ વાપરે પણ એરર નહીં, બ્લન્ડર. સીધું. મહામોટી ભૂલ. આવો જ શબ્દ એણે તો વાપર્યો. પણ પોતાની ભૂલ. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ